## 1st TERMINAL EXMINATION – 2018

**Std : 10th Sub : Gujarati**

**Date : /10/18** **Marks : 100**

**(Answer key)**

**MCQS** **(Part – A)** **(Marks-50)**

1. (A) આપણા બધા દુઃખ દૂર થાય છે.
2. (C) કીડીઓની
3. (A) ઊજળ રંગ કાઢયો
4. (A) ઊર્મિકાવ્ય
5. (A) અન્ય માટે મારું જીવન સમર્પણ થજો.
6. (B) મોરલી
7. (D) હરિકૃષ્ણ પાઠક
8. (A) જીવન અંજલિ થાજો
9. (B) રાફડો ખદબદી રહયો હતો.
10. (B) અજાણી વ્યકિત
11. (A) ઈશ્વરના નામનું રટણ
12. (C) કૃષ્ણનાં દર્શન સુખ દૂર કરે છે.
13. (B) આપણાં હાથમાં ઉષ્મા અને થડકો છે.
14. (C) જીવન અંજલિ થાજો
15. (B) ઊજળાં થયાં
16. (B) મેઘા ઢોલીએ
17. (A) સોરાબજી
18. (A) દરેક વસ્તુનો સાર્થક ઉપયોગ થવો જોઈએ.
19. (B) ' પોલસન ' કંપનીથી
20. (D) જર્મની
21. (B) તેઓને વેવાઈવાળાઓ તરફથી કંકુના થાપા મારવામાં આવ્યાં હતાં.
22. (C) રાવણે સીતાનું હરણ કર્યું.
23. (D) ખોરાકના પૈસા ચૂકવ્યા હતા.
24. (B) ત્રિભુવન ફાઉન્ડેશન
25. (B) આગ્રા
26. (B) કરુણ રસની
27. (A) સૂરજ તો બધે સરખો
28. (B) પ્રયાણ
29. (D) નડિયાદ
30. (C) એક જ ટંક જમવાનું

31.(A) સોડમ – સુગંધ
32.(A) ફરજ
33.(C) માન્ય x ગેરમાન્ય
34.(D) સૂર્યાસ્ત
35.(A) કીર્તિ
36.(A) સિદ્ધપુર
37.(C) રાધાકૃષ્ણ
38.(B) હિત + એષી
39.(D) હસવું અને લોટ ફાકવો એ સાથે ન બને.
40.(A) જરા પણ નુકસાન ન થવું
41.(B) સકીના પકવાન જમતી
42.(A) ગુણવાચક
43.(D) નટખટ
44.(D) માંડવો વધાવાઈ ગયો.
45.(C) અવતરણ ચિહ્ન
46.(C) આપણે સત્યના માર્ગ પર કાંટા પાથરવાના છે.
47.(C) કડવાં વચનો સહન કરવા.
48.(C) સરકારે ત્રિભુવનદાસને માનદ્ વેતન આપવાનું શરૂ કર્યુ.
49.(D) વૃક્ષારોપણનું કાર્ય કરે છે.
50.(B) મણિબહેન

**(Part – B)**

**(વિભાગ – A )** **(Marks-50)**

Ans.1) અમૂલ ડેરીના સ્થાપક ત્રિભુવનદાસ પટેલ સ્વપ્નદષ્ટા હતા. સરદાર વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ઈ.સ.1940 માં ખેડા જિલ્લાના ખેડૂતો સાથે મળીને એમણે સહકારી મંડળીની સ્થાપના કરી. તે સમયે ખેડૂતો પાસેથી ખૂબ ઓછા ભાવે દૂધ ખરીદીને મુંબઈમાં ઊંચા દામે દૂધ વેચતી 'પોલસન' કંપનીથી ખેડૂતો ત્રાસેલા હતા.બધાએ ભેગા મળી ' ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડ ' ની શરૂઆત કરી. ઈ.સ. 1950 થી ડૉ. વર્ગીસ કુરિયનનો સાથ મળ્યો.

ત્રિભુવનદાસ પટેલ સાથે પરિચય ગાઢ બનતાં વર્ગીસ તેમની નિઃસ્વાર્થ સેવા, પરોપકારની ભાવના અને મનની મકકમતાથી પ્રભાવિત થયા, ત્રિભુવનદાસના આ ગુણોને લીધે વર્ગીસ તેમને પોતાના ગુરૂ માનતા હતા.
(08)

Ans.2) ભૂલ કરનારાએ જર્મનીના હેમ્બર્ગના એક રેસ્ટોરાંમાં એક પાર્ટી ગોઠવી હતી. રેસ્ટોરામાં ગિરદી નહિ હોવાથી ખાણું ઝટ આવ્યું અને તેઓએ બીજા કામો હોવાથી ખાણું ઝટ પતાવ્યું. તેઓએ મંગાવેલા ભોજનમાંથી ત્રીજા ભાગનું ભોજન ડીશોમાં છાંડેલું હતું. હેમ્બર્ગની કેટલીક વૃધ્ધ સ્ત્રીઓએ આ જોયું.તેઓને આ ન ગમ્યું. આ બાબતે ધ્યાન દોરતાં ભૂલ કરનારાઓએ કહયું કે " અમે જે મંગાવેલું તેના પૂરેપૂરા પૈસા અમે ચૂકવી દીધા છે.

અમે કેટલું ખાધુ ને કેટલું છોડયું તેની તમારે શી નિસ્બત ? પેલી વૃધ્ધ સ્ત્રીઓએ ફોન કરીને સોસિયલ સિક્યોરીટીને બોલાવ્યો. જે બન્યું તે જાણીને તેણે ભૂલ કરનારને 50 યુરોનો દંડ કર્યો અને કડક અવાજમાં કહયું " તમને જોઈતું હોય તેટલું જ, તમે ખાઈ શકતાહો તેટલું જ માંગવો, પૈસા તમારા છે, પણ સાધન–સામગ્રી તો બધી સમાજની છે. બગાડ કરવાનો તમને હક નથી. આથી પોતાને આ બાબતે કાયમ ઢંઢોળવવા દંડ ભરનારાએ દંડની ટિકિટની ફોટોસ્ટેટ નકલ કરી ઘરની દીવાલ પર રાખી.

**અથવા**

Ans.2) રમઝુમીર શરણાઈવાદક છે. ભરજુવાનીમાં ઘરભંગ થયેલા રમઝુને બે વરસની મા વિહોણી બાળકીની માતા થવું પડેલું. રમઝુએ દીકરી સકીનાને સગી મા કરતાં ય સવાયા હેતથી મોટી કરેલી. ન–માઈ પુત્રીને જરા પણ ઓછું ન આવે તેની તકેદારી રાખી હતી. સકીના મોટી થઈ, તેને પરણાવી. પરંતુ સકીનાને આસરિયે મોકલ્યા પછી આઠમે દિવસે જ એનું ભેદી મૃત્યુ થયું. સકીનાના ભેદી મૃત્યુથી રમઝુમીર પુત્રી તેમજ પત્ની બંનેના દેહવિલયનો વિયોગ અનુભવ્યો. દિવસો સુધી તો એ અવાક્ થઈ ગયેલો. એની ચિત્તભ્રમ જેવી દશા જોઈને લોકો કરેતા કે ડોસાની ડાગળી ચસકી ગઈ છે.

ગવરીની વિદાયવેળાએ રમઝુમીરે શરણાઈનો સૂર છેડયો. સકીનાને સાસરે વળાવવી પડી હતી ત્યારે રમઝુમીરે પારાવાર દુઃખ અનુભવ્યું હતું. આજે એવો જ પ્રસંગ આવતાં શરણાઈનાં સૂરમાં તે પોતાની વેદના ઠાલવતો હતો. કબ્રસ્તાન આવતાં જ દાદમાં મળેલી રકમ ગવરીને આપીને કબ્રસ્તાનમાં દાખલ થઈ ગયો.

Ans.3) એક દિવસ જમાલપુર દરવાજા બહાર એક શિયાળવાને જોઈએ વરુ ધારીને અંબારામ અને ભદ્રંભદ્ર પાછા વળી ગયા હતા. તે વખતે અંબારામથી ભદ્રંભદ્ર ડરને કારણે દોડતા આગળ નીકળી ગયા હતા. અંબારામ ભદ્રંભદ્રના વેગ માટે આ ઘટના માટે યાદ કરાવે છે. **(08)**

Ans.4) મહાબળેશ્વર કોઈ ટ્રાવેલ–ટુરમાં જવાથી બીજી કોઈ ઝંઝટ રહેતી નથી. પ્રહલાદ ટ્રાવેલ્સવાળા બે ટાઈમ ખાવાનું અને ત્રણ ટાઈમ ચા–નાસ્તો આપે છે. આથી મહાબળેશ્વર કોઈ ટ્રાવેલ ટુરમાં જવાનું લેખક કહે છે.

Ans.5) રમઝુમીરને શરણાઈ વગાડતાં વીસ વરસ પહેલાં પોતાની જ પુત્રી સકીનાને સાસરિયે વળાવી હતી અને તેનું હ્રદય ઊંડે ખૂંપેલું દર્દ યાદ આવતાં તેની શરણાઈનો સૂર આપોઆપ બદલાઈ ગયો. અડાણાના ઉમંગને સ્થાને એના કાળજામાં કોરાયેલું દર્દ વહેવા લાગ્યું.

Ans.6) સિક્યોરિટી ઓફિસરે સમજાવતાં કહયું : " તમને જોઈતું હોય તેટલું જ, તમે ખાઈ શકતા હો તેટલું જ તમે મંગાવો. પૈસા તમારા છે, પણ સાધન– સામગ્રીતો બધી જ સમાજની છે. દુનિયામાં હજી એવા ઘણા લોકો છે જે આ બધી સાધન– સામગ્રીના તીવ્ર અભાવથી પીડાય છે. આ સાધન– સામગ્રીનો જરીકેય બગાડ કરવાનો તેમને કોઈ હક નથી. "

**અથવા**

Ans.6) આર્ટ ફિલ્મોના સર્જક શ્યામ બેનેગલે દૂધ ઉત્પાદક સહકારી મંડળીના વિચાર અને કાર્યોના પ્રચાર–પ્રસાર માટે ફિચર ફિલ્મ બનાવવાનું કુરિયને સૂચન કર્યું. તેના ખર્ચ માટે તેમને દૂધ ઉત્પાદક સહકારી મંડળીના સૌ સભ્યોને ગામે ગામથી 'ટોકન' સ્વરૂપે એક રૂપિયો આપવા જણાવ્યું અને ' મંથન ' નામની ફિલ્મ તૈયાર થઈ.

Ans.7) વિનોદ ભટ્ટને રણજિતરામ સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત થયેલો છે. **(04)**

Ans.8) ' શરણાઈનાં સૂર ' સાહિત્યપ્રકાર ' ટૂંકીવાર્તા '

Ans.9) સામગ્રી તો સમાજની જ છે ને ! પાઠના લેખકનું નામ વિનોદ ભટ્ટ છે.

Ans.10) ' પ્રયાણ ' પાઠમાં અંબારામ, ભદ્રંભદ્ર, ટિકિટ માસ્તર સોરાબજી વચ્ચે હાસ્ય રમૂજ થાય છે.

Ans.11) પ્રથમ વરસાદનું આગમન થતાં જ સમગ્ર સૃષ્ટિનું ચિત્ર બદલાઈ જાય છે. જળાશયોમાં નવાં નીર આવે છે. ગરમીથી સૌ રાહત અનુભવે છે. ધરતી પર લીલું ઘાસ ઊગી નીકળે છે, ધરતીએ લીલી ચાદર ઓઢી હોય તેવું દશ્ય આંખને ઠારે છે. વૃક્ષોનાં પાન તાજગી અનુભવતાં લીલાંછમ દેખાયો છે. મોર કળા કરી નાચે છે અને ગહેકે છે. વગડો, સીમ, નવું રૂપ ધારણ કરે છે. દેડકાં ડ્રાઉં .. ડ્રાઉં કરીને પોતાની ખુશી વ્યકત કરે છે. બાળકો પાણીમાં છબછબિયાં કરે છે. ખેડૂતોને આનંદ ઊભરાય સૃષ્ટિ હરખાય છે.

**અથવા**

Ans.11) નરી આંખે જોતાં સૌને બંને હાથ ખાલી જ દેખાય ! શું આ બેય ખાલી હાથમાં કશું નથી ? આપણા રોજિંદા અનેક કામ આ બે હાથ વડે જ થાય છે. આ હાથમાં જ કેટલુંય ધન, સત્તા, કીર્તિ છે. આ હાથ વડે મનુષ્ય સદ્કર્મ કરે તો તેને ધન, સત્તા, કીર્તિ પ્રાપ્ત થાય છે. આ હાથ નઠારાં કામ કરીને ધન, સત્તા, કીર્તિ ગુમાવે પણ છે. આ હાથ આપણી દોલત છે, કિસ્મત છે એમ કહીએ તો ખોટું નહિ. **(04)**

Ans.12) માનવીના હાથ અનેક કામો કરે છે.તે કેટલાક સારાં કામો કરે છે તો કેટલાક નઠારાં કામો પણ કરે છે. **(06)**

Ans.13) વરસાદ વરસવાથી પ્રકૃતિનાં ચિત્રો બદલાઈ ગયા. ધરતીનું રૂપ ખીલી ઊઠયું, વગડો ટહુકી ઊઠયો, નદીમાં પૂર આવ્યાં.

Ans.14) વૃંદાવનમાં રાસ રચાયો છે. કૃષ્ણ વૃદાંવનની કુંજ ગલીમાં થનક થનક થઈ નાચે છે. કૃષ્ણ રાસ રમીને સૌને ઘેલા કરે છે.

**અથવા**

Ans.14) જીવન અંજલિ થાજો કાવ્યના કવિ કાંટાળી કેડી પર ચાલવાનું કહે છે. કારણ કે કવિને તે પથ પર પુષ્પ બની પથરાવું છે.

Ans.15) મીરાંબાઈનાં કૃષ્ણભકિતનાં પદો ગુજરાતી ઉપરાંત વ્રજ, રાજસ્થાની અને હિદી ભાષામાં મળે છે. **(05)**

Ans.16) કરસનદાસ માણેકનું ઉપનાર '' વૈશંપાયન' છે.

Ans.17) ' જીવમાં જીવ આવ્યો ' કાવ્ય મંદાક્રાન્તા છંદમાં લખાયેલું છે.

Ans.18) શ્રધ્ધાં કેરો દીપક મારો નવ કદીયે ઓલવાજો મારું જીવન અંજલિ થાજો.

Ans.19) ' હાથ મેળવીએ ' કાવ્ય કવિના 'છંદોલય' કાવ્ય એ ગૃહમાંથી લેવામાં આવ્યું છે.

## (વિભાગ – C)

Ans.20) **વિદ્યાનો આધાર**

વિદ્યા મેળવવાનો અધિકાર માત્ર વિદ્યાલય પર નહિ પણ મુખ્યત્વે વિદ્યાર્થી પર છે. માત્ર વિદ્યાલયમાં જઈને કે ઉપાધિ મેળવીને આપણે વિદ્યા પ્રાપ્ત કરી શકતા નથી આ તો માત્ર બાહ્યાચાર છે. આજે આખા દેશના વિદ્યાર્થીઓ નિરર્થક રીતે વિદ્યા લેતા જણાય છે.

**અથવા**

Ans.20) આપણા દેશમાં અલગ અલગ જાતિ, ધર્મ અને સંપ્રદાયના લોકો વસે છે. આપણા ભારત દેશમાં લોકો વિવિધતામાં એકતાથી જીવન જીવે છે.

પ્રસ્તુત પંકિતમાં કહેવા માંગે છે કે, મનુષ્ય જાતિ, ધર્મ અને સંપ્રદાયથી અલગ હોય છે પરંતુ મનુષ્ય વચ્ચે કોઈ ભેદ ન હોવો જોઈએ. માણસનું લોહી તો એક જ છે. અલગ અલગ પૂજા, પાઠ, ભકિત–ભાવ અલગ હોવા છતાં દરેક એક છે. દરેક વ્યકિત માટીમાંથી બન્યુ છે ને માટીમાં મળે છે. કબરો ઉઘાડીને જોઈએ તો દરેક ઈન્સાન જ હોય છે. હિન્દુ કે મુસલમાન નથી હોતા. માણસ જ કબરોમાં હોય છે.

**(04)**

Ans.21) અમારા શહેર વિદ્યાનગરમાં અવારનવાર સમાજસેવાની વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે. ઝાયડ્સ હોસ્પિટલ, આણંદના સંયુકત ઉપક્રમે તા.૧૭–૧–૧૭ ના રોજ અમારે ત્યાં રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ રકતદાન કેમ્પમાં શહેરના સમસ્ત નાગરિકો, શાળા અને કોલેજના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો. આશરે ૩૦૦ બોટલ રકત આ દિવસે એકત્ર કરી ઝાયડ્સ હોસ્પિટલ, આણંદને આપવામાં આવ્યું હતું. આ રકતદાન કેમ્પની સમગ્ર વ્યવસ્થા કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના (NSS) ના સ્વયંસેવકોએ કરી હતી.

અમારા વિદ્યાનગરમાં સામાજિક સેવાની વિવિધ પ્રવૃતિઓ વારંવાર થાય છે. રકતદાન એ મહાદાન છે. અમારા ગામ તેમજ ઝાયડ્સ હોસ્પિટલ દ્વારા રકતદાન અંગેની તારીખ નકકી કરવામાં આવી. રકતદાનનું મહત્વ સમજાવવા માટે શહેરમાં વિવિધ પોસ્ટરો અને વર્તમાનપત્રોમાં જાહેરાત આપવામાં આવી. કોલેજમાં અભ્યાસ કરતાં યુવાનો અને શહેરના નાગરિકોને રકતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું. તા. 17-1-17 ને મંગળવારના રોજ સવારે 6 વાગે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ કેમ્પમાં શરૂઆતમાં કોલેજના વિદ્યાર્થી ભાઈ–બહેનો તથા શહેરના ઉત્સાહી નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા. ઝાયડ્સ હોસ્પિટલનો પૂરો સહકાર આ દરમિયાન મળી રહયો. રકતદાન પહેલા રકતદાતાનું વજન અને એની શારીરિક યોગ્યતાની પૂરેપૂરી ચકાસણી કરવામાં આવી હતી. 50 કિ.ગ્રા. થી ઓછું વજન ધરાવનારનું લોહી લેવામાં આવ્યું ન હતું. સવારે 9 વાગ્યાથી શરૂ થયેલ કેમ્પ સાંજે 4 વાગ્યા સુધી ચાલુ રહયો. રકતદાતાઓને લોહી આપ્યા પછી ચા–કોફી બિસ્કિટ અને નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આમ શહેરના મોટા ભાગના નાગરિકોએ રકતદાન કરી. સમાજને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું. **(04)**

**અથવા**

**વાર્તાલેખનના મુદ્દા :** એક ખેડૂત – ચાર દીકરા – ચારે દીકરા આળસુ – ખેડૂતને ચિંતા – ખેડૂતની માંદગી – ચારેય દીકરાઓને બોલાવવા – ખેતરમાં રૂપિયા ભરેલા ચરુ છે, એમ કહેવું – અવસાન – દીકરાઓએ ખેતર ખોદી કાઢવું – રૂપિયા ન મળવા – બી વાવવાં – સારો પાક થવો – શિખામણ

- આપેલ મુદ્દાઓને આધારે વાર્તાનું લખાણ હોવું જરૂરી છે. જોડણી, રજૂઆત, વ્યાકરણની દષ્ટિએ ગુણ રહેશે.

**(વિભાગ – D)**

(૨૨) **ગમે તે એક વિષય પર આપેલા મુદ્દાઓ પર આધારિત આશરે ૨૫૦ શબ્દોમાં નિબંધ લખો.** (07)

**(૧) દીકરી, ઘરની દીવડી**

પ્રસ્તાવના – દીકરીનો અવતાર – દીકરા – દિકરીઓમાં ભેદ– દીકરીઓ પ્રત્યે બદલાતું સમાજનું વલણ – સમાજમાં દીકરીઓને અપાયેલો હક – વિવિધ ક્ષેત્રે દીકરીઓની ભૂમિકા – ઉપસંહાર

**અથવા**

**(૨) મારો યાદગાર પ્રવાસ**

પ્રસ્તાવના – જોયેલા સ્થળોનું વર્ણન – વિશેષતા – ઉપસંહાર

- આપેલ મુદ્દાઓને આધારે નિબંધની રજૂઆત, વ્યાકરણ, જોડણીની દષ્ટિએ લખાણ હોવું જરૂરી છે. તે પ્રમાણે ગુણ રહેશે.